# સલામ – એક શિક્ષકને અને શિક્ષણમંત્રીને

વાત છે, ૧૪મી જુલાઇને રવિવારના દિવસની. આ દિવસે એક શિક્ષકને પોતાની ઉંમરના ૫૦ વર્ષ પૂરાં થતાં હતાં. સ્વાભાવિક છે કે, શિક્ષકના મનમાં વિચાર આવે કે, જીવનનાં પૂરાં થતાં પચાસમા વર્ષનો દિવસ કેવી રીતે ઉજવવો? કેક કાપી ને ? ના. સગાં-પરિચિતને પાર્ટી આપીને ? ના. તો કેવી રીતે ? એક શિક્ષક હોવાના નાતે લાગ્યું કે, કોઇ શૈક્ષણિક સેમિનાર કરીને મારા જીવનના પૂરા થયેલા પચાસ વર્ષના આનંદને લૂંટવો. પછી થયું કે, સેમિનાર કયા વિષય પર અને કોની સાથે ? જે વિચાર આવ્યો અદ્ભૂત અને શિક્ષણ સમાજે તેમજ આમ સમાજે અપનાવવા યોગ્ય છે.

આજનો શૈક્ષણિક વૈભવ તેના વિકાસની વ્યાખ્યામાં પ્રગતિપંથ પર છે. સ્માર્ટ ક્લાસના બોર્ડમાં હવે વિશ્વ આવીને વસી ગયું છે. તે થકી તૈયાર થતા આપણા વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્પર્ધક બન્યા છે,પણ મૂલ્યોની બાબતમાં? શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં માનવીય કૌશલ્યોનો વિકાસ જેટલો અને જેવી રીતે થવો જોઇએ તેમાં ક્યાંક ઉણપ વર્તાતી હોય તેવું લાગે છે, માટે જ ખૂબ જ ભણીગણીને ડૉક્ટર બનેલ કેટલીક વ્યક્તિ દર્દીને છેતરતા શરમાતી નથી,કેટલાક કંડક્ટર પણ પૈસા લઇને ક્યારેક ટીકીટ આપતા નથી, રસ્તા પર જામતા ટ્રાફિકમાં ક્યાંય શિસ્ત જોવા મળે છે ?શાકભાજી વાળો પણ ઓછા વજનની વસ્તુ આપે છે. નોકરીઓ તો છે પણ નિષ્ઠા શોધી જડતી નથી. પડોશી સાથેનો વ્યવહાર ક્યારેક દુશ્મન જેવો હોય છે. સમરસ સમાજના નિર્માણ માટે જોઇતી સામાજિકતા ક્યાં ખોવાઇ ગઇ ?

જવાબ સ્વાભાવિક છે કે, વ્યક્તિમાં મૂલ્યોનો અભાવ. આ મૂલ્યો વિકસાવવાની જવાબદારી શાળા અને વાલીની જ હોઇ શકે. તે ધ્યાનમાં રાખીને શિક્ષકે ભરુચ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર અને મહેસાના જિલ્લામાંથી ૫૮ જટેલા શિક્ષકોને બોલાવીને પાંચ મૂલ્યો પર ચર્ચા વિચારણા કરવાનું વિચાર્યું. જે પાંચ મૂલ્યો વિચારાધિન હતાં તે આ પ્રમાણે છે. ૧. પ્રામાણિકતા ૨. નિયમિતતા (શાળા ઉપરાંત દરેક જગ્યાએ- દરેક કામમાં) ૩. નિષ્ઠા ૪. શિસ્ત (શાળા ઉપરાંત દરેક જગ્યાએ- દરેક કામમાં) ૫. સામાજિકતા ( સહયોગ-સહાનુભૂતિ, સામાજિક ફરજો વગેરે) બાળકોમાં આ મૂલ્યોનો શાળા કક્ષાએથી જ વિકાસ થાય તે માટે એક વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું શિક્ષકે પોતાના પચાસમા વર્ષના અંતિમ દિવસે મૂલ્યો પર વર્કશોપ કરીને પોતાનો આ દિવસ શૈક્ષણિક કાર્ય કરીને ઉજવ્યો. જે માટે તેમણે ૩૦,૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ પણ કર્યો ! જે સમાજ અને શિક્ષણ માટે પ્રેરણાદાયી અને નવીનતમ ઘટના ગણી શકાય.

આ દિવસે ગુજરાતમાંથી આવેલા શિક્ષકોને અમદાવાદમાં મેમનગર ખાતે આવેલ દિવ્યપથ કેમ્પસમાં એકત્ર કરવામાં આવ્યા. આ શિક્ષકોએ ઉપરોક્ત મૂલ્યોને ધ્યાનમાં રાખી નીચેની બાબતો અંગે વિચાર કર્યો. મૂલ્યનો સામાન્ય અર્થ( વ્યાખ્યા નહીં.), તે મૂલ્ય ધરાવતાવિદ્યાર્થીના લક્ષણો-વર્તનવ્યવહાર (શાળામાં-ઘરમાં-સમાજમાં)- તે મૂલ્ય આધારિત સૂત્રો - કહેવતો - રૂઢિપ્રયોગો, મહાન વ્યકિતના અને પોતાના અનુભવેલા ઉદાહરણો, વિદ્યાર્થીએ કરવાની પ્રવૃત્તિઓ -ઘરમાં-શાળામાં –સમાજમાં, તે મૂલ્યોનો બાળકમાં વિકાસ થાય તે માટે શાળાએ કરવાની પ્રવૃત્તિઓ (શાળામાં અને સમાજમાં), તે મૂલ્યોનો બાળકમાં વિકાસ થાય તે માટે શિક્ષકે કરવાની પ્રવૃત્તિઓ (ઉપરાંત શિક્ષકે પોતાની જાતમાં શું

પરિવર્તન લાવવું જોઈએ.) મૂલ્યોની ખિલવણી માટે વાલીને જાગૃત કરી તેમનો સહયોગ મેળવવા શાળા અને શિક્ષક શું કરી શકે ? આ અંગે થયેલી ચર્ચા તમામ શિક્ષકોએ લેખિત સ્વરૂપે ડૉ.અશોક પટેલને આપી હતી. જેને વિવિધ માધ્યમો દ્વારા ગુજરાતની દરેક શાળા સુધી પહોંચાડવામાં આવશે.

એક શિક્ષક પોતાના જીવનના પચાસ વર્ષ પૂર્ણ કરતો હોય અને આ રીતે દિવસ ઉજવતો હોય ત્યારે સ્વાભાવિક છે કે, શિક્ષણ સાથે સંકળાયેલ લોકો અભિનંદન અને પ્રોત્સાહન આપવા હાજર રહે જ. તે અંતર્ગત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી, ટેકનિકલ શિક્ષણના કમિશ્નરશ્રી જયંતિબેન રવિ, માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનશ્રી વરસાણી સાહેબ વગેરે હાજર રહેલા. આ લેખમાં શિક્ષકની સાથે શિક્ષણમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપ્યા છે કે, લોકોના માનસમાં એમ છે કે, મંત્રીશ્રીને કાર્યક્રમમાં બોલાવવા હોય તો દબાણપૂર્વકનું આમત્રણ આપવું પડે, મોટી સંખ્યામાં શ્રોતા હાજર રાખવા પડે, વિશિષ્ટ પ્રકારના કાર્ડ છપાવવા પડે વગેરે. પણ અહીં તો એક શિક્ષકનો જન્મદિવસ હોય, માત્ર પચાસ શિક્ષકોનો સેમિનાર હોય, મૂલ્યો પર ચર્ચા થતી હોય, મંત્રીશ્રીના નામનું કોઈ કાર્ડ ન હોય, માત્ર ટેલિફોનિક વાતચીત થઈ હોય છતાં શિક્ષણમંત્રીશ્રી પોણા બે કલાક જેટલો સમય ફાળવીને શિક્ષકો વચ્ચે રહે તે શિક્ષણ જગત માટે પ્રેરણાદાયી ઘટના બની ગઈ.

શિક્ષણ મંત્રીશ્રીએ કહેલું કે, મૂલ્યો આવે તે જ પૂરતું નથી, તેમાં સાતત્ય જોઈએ. આ માટે શિક્ષકોએ વિદ્યાર્થી માટે આદર્શ બનવું જોઈએ. શિક્ષકને અભિનંદન અને શુભેચ્છા પાઠવતાં તેમને કહ્યું હતું કે, આવા શિક્ષકો જ્યાં સુધી છે ત્યાં સુધી શિક્ષણને કોઈ આંચ નહીં આવે. ઉપરાંત ગુજરાતમાંથી આવેલ શિક્ષકોને પણ બિરદાવતા કહ્યું હતું કે, આટલા વરસાદમાં દૂરથી કોઈ અપેક્ષા વગર, એક ચેતનાભર્યા દિશાચિંધતા કાર્યક્રમમાં આવ્યા તે બતાવે છે કે આજના શિક્ષકો પણ બાળકોમાં મૂલ્યો વિકસાવવા માટે ચિંતિત છે. સાથે તેમણે જણાવેલ કે, મૂલ્યલક્ષી કાર્યક્રમનું ગુજરાતમાં કોઈપણ જગ્યાએ આયોજન થશે તો હું હાજર રહીશ, ભલે ને સંખ્યા માત્ર ૫૦ની જ કેમ ન હોય.

શ્રીમતી જયંતિ રવિએ કહેલું કે, નાનપણમાં જે મૂલ્યો બાળકમાં ઉમેરાય તે મોટાથાય ત્યાં સુધી ટકે છે. પણ ક્યારેક મોટા થયા પછી તે મૂલ્યોને ગુમાવી દે છે. જે માટે વાલીનો સહકાર ખૂબ જ જરૂરી છે. જે આ કાર્યક્રમનો એક હિસ્સો હતો તે જાણીને આનંદ થયો. વધુમાં તેમણે જણાવેલ કે, હું જ્યારે કોઈ શાળાની મુલાકત લઉં છું ત્યારે ઘણીવાર બાબળકોને પૂછું છું કે, તમે મોટા થઈને શું બનવા માંગો છો ? ત્યારે ૧૦માંથી ૮ બાળકોનો જવાબ હોય છે કે, હું મોટો થઈને શિક્ષક બનવા માંગું છું. આમ શિક્ષક એ બાળક માટે રોલમોડેલ હોય છે. જેથી શિક્ષકે તે મુજબ વર્તનવ્યવહાર કરવો ખૂબ જ જરૂરી બની જાય છે. માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનશ્રી એ જાહેરમાં કહેલું કે, આવા કાર્યક્રમો ગુજરાતના દરેક જિલ્લામાં થાય તે માટે હું પ્રયત્ન કરીશ.

એક શિક્ષક પોતાના જીવનના પચાસ વર્ષ પૂર્ણ કરતો હોય ત્યારે કેક કાપીને કે સગાંને પાર્ટી ન આપતાં શિક્ષણ પર સેમિનાર કરે સાથે ગુજરાત રાજ્યમાંથી ૫૦ શિક્ષકો બાળકોમાં મૂલ્યો વિકસાવવા અંગે એકત્ર થાય અને તેમાં સહભાગી થવા રાજ્યના શિક્ષણમંત્રી શ્રી હાજર રહે આ બધી બાબતો આવતી કાલના સફળ શિક્ષણની નિશાની ગણી શકાય.